# 6 અજબ ચોર

**મૌખિક**

૧. યાદ કરો કે તમે છેલ્લે ક્યારે નવાઈ પમાડે તેવી વાર્તા વાંચી કે સાંભળી છે ? હા, (વિદ્યાર્થી પ્રવૃત્તિ )

૨. તમે તમારી આસપાસના વાતાવરણમાં, સમાજમાં કે સ્વપ્નોમાં નવાઈ પમાડે તેવું 'અજબ' શું શું જુઓ છો ? (સ્વાનુભવ)

૩. તમે 'સારી આદતો' વિશે કહો શું 'ચોરી કરવી' એ સારું અને સાચી દિશાનું કાર્ય કહેવાય ?(વિદ્યાર્થી પ્રવૃત્તિ )

**લિખિત**

**૧. નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.**

**૧. ચોરનો કયો નિયમ હતો ?**

ચોરને એવો નિયમ હતો કે એક વર્ષમાં એક જ વાર ચોરી કરવી, બીજીવાર નહિ.

**૨. વાણિયાના મોં પરથી લોહી શાથી ઊડી ગયું ?**

ચોરે વાણિયા પાસેથી તેની લાકડી માંગી તેથી તેના મોં પરથી લોહી ઊડી ગયું. વાણિયો લાકડીના ટેકે-ટેકે વગડામાં ચાલતો હતો તેથી લાકડી જરૂરી હતી.

**૩. વીર વિક્રમ રાજાએ કયો હુકમ કર્યો ?**

વીર વિક્રમરાજાએ હુકમ કર્યો, "આજ રાતે હું એકલો આખા નગરની ચોકી કરવાનો છું માટે બધા સિપાઈને રાતે રજા આપવી. કોઈએ રાતે જાગવાનું નથી. નગરના માણસોને પણ કહેજો કે નિરાંતે સૂઈ જાય."

**૪. ચોરે શાહુકારને ઘેર ચોરી કેમ ન કરી ?**

ચોર જ્યારે શાહુકારને ઘેર અંદર પ્રવેશ્યો ત્યારે ભરઊંઘમાં સૂતેલાં શેઠાણી બોલ્યાં કે એ કોણ ભાઈ ? 'ભાઈ' શબ્દ સાંભળી ધર્મ અને નીતિનું મૂલ્ય સમજતાં ચોરે શાહુકારને ઘેર ચોરી ન કરી.

**૫. સોનાના પાયાની ચોરી કરવા ચોરે શું કર્યું ?**

ચોરે રાણીજી જાગી ન જાય તે માટે જે ખાટ પર રાણીજી સૂતાં હતાં તે ખાટ હેઠળ ઉપરાઉપરી ગાદલાં ગોઠવ્યા. પછી રાણીજીનું શરીર જેમનું તેમ રહે તેવી રીતે સંભાળથી ચારે તરફની ખાટની પાટી કાપી નાંખી, ખાટને આંકડિયામાંથી દાંત વડે ખેંચીને સોનાના પાયાની ચોરી કરી.

**૬. 'ચીબરી બોલી' તે સાંભળી ચોરે રાજાને શું કહ્યું ? શાથી ?**

'ચીબરી બોલી' તે સાંભળી ચોરે રાજાને ઓળખી લીધા. ચોર પક્ષીની ભાષા જાણતો હોવાથી તેને ખબર પડી ગઈ. એણે જણાવ્યું કે જે ચીબરી બોલી તેનો અર્થ તો એમ થાય છે કે આ ચોરીના માલનો માલિક તો અહીં જ ઊભો છે.

**૨.'અજબ ચોર' વાર્તા આશરે દસથી પંદર વાક્યોમાં, તમારા શબ્દોમાં લખો. નવું શીર્ષક આપો.**

**( વિદ્યાર્થીઓ સ્વયં કરશે.)**

**૩.'અજબ ચોર' વાર્તામાં રાજા દ્વારા કરાયેલ વર્તન તમને કેવું લાગ્યું ? કારણ સમજાવો.**

'અજબ ચોર'માં રાજા દ્વારા કરાયેલ વર્તન ઘણું જ યોગ્ય લાગ્યું. ચોરી કરતી વખતે ચોરે નીતિનો માર્ગ અપનાવ્યો. જે ઘરે 'ભાઈ' કહ્યો, જે ઘરનું 'લૂણ' ખાધું, જે ઘરે 'જાર'ના કોથળામાં હાથ નાંખતા 'શુકન' સમજીને ચોરી ન કરી, છેલ્લે સોનાના ચાર પાયા બરોબર વહેંચ્યા તે રીતે ચોરની ચોરી કરવાની પણ પ્રામાણિકતા છતી જાય છે. આમ નીતિથી કાર્ય કરવાની ચોરની પદ્ધતિને કારણે રાજાએ ચોરને શાબાશી આપી.

## ભાષાજ્ઞાન

**૧. સમાનાર્થી શબ્દો**

| | | | | | |
|---|---|---|---|---|---|
| નીમ | = | નિયમ | નગર | = | પુર |
| મીઠું | = | લૂણ | લાકડી | = | દંડી |
| દોસ્ત | = | મિત્ર | તરસ | = | તૃષા |
| પંખી | = | પક્ષી | ચોકીદાર | = | ચાકર |

**૨. વિરોધી શબ્દો**

| | | | | | |
|---|---|---|---|---|---|
| સૂતેલાં | × | જાગેલાં | નીતિ | × | અનીતિ |
| શુકન | × | અપશુકન | માલિક | × | નોકર |

# 7 ભોળી રે ભરવાડણ

# અભ્યાસ

## સ્વાધ્યાય

લિખિત

૧. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તરો લખો.

**૧. આ કાવ્યમાં કવિએ શ્રીકૃષ્ણ માટે કયા કયા શબ્દો પ્રયોજાયા છે ?**

આ કાવ્યમાં કવિએ શ્રી કૃષ્ણ માટે હરિ, વહાલો, મુરારિ, અનાથનો નાથ જેવા શબ્દો પ્રયોજ્યા છે.

**૨. સોળ સહસ્ત્ર એટલે શું ?**

સોળ સહસ્ત્ર એટલે સોળહજાર.

**૩. વ્રજનારીને મૂર્છા કેમ આવી ?**

વ્રજનારીએ મટકી ઉતારતાં તેમાં મોરલી વગાડતા શ્રી કૃષ્ણનું મુખ જોતા જ વ્રજનારીને મૂર્છા આવી.

૨. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.

**૧. ભરવાડણ શેરીએ શેરીએ શાનો સાદ પાડે છે ?**

ભરવાડણ મહી વેચવા નીકળી છે. તે કૃષ્ણ સાથે એટલી બધી તન્મય થઈ ગઈ છે કે તે સાનભાન

ભૂલી જાય છે. તે શેરીએ 'મહી લો' ને બદલે 'લ્યો કોઈ મુરારિ' એવો સાદ પાડે છે.

**૨. આ પદમાં શાનું કૌતુક છે ? એ કૌતુક કોણ કોણ જુએ છે ?**

કૃષ્ણપ્રેમમાં તન્મય થયેલી ભરવાડણ શેરીએ શેરીએ 'મહી લો'ને બદલે 'લ્યો કોઈ મુરારિ' એવો સાદ પાડે છે. મટકી ઉતારતાં સાચે જ તેને મોરલીધારી શ્રીકૃષ્ણ જોવા મળે છે. બ્રહ્મા, ઈન્દ્ર વગેરે દેવો આ કૌતુક જુએ છે.

**૩. ગોપીના કૃષ્ણમય પ્રેમનું વર્ણન કરો.**

મહી વેચવા નીકળેલી ભરવાડણ કૃષ્ણમય પ્રેમમાં તનમય થઈને પોતાનું સાનભાન ભૂલીને 'મહી લો' ને બદલે 'લ્યો કોઈ મુરારિ' એવો સાદ પાડે છે. જ્યારે ભરવાડણ મટકી ઉતારીને જુએ છે તો મોરલીધારી શ્રીકૃષ્ણ મટુકીમાં જોવા મળે છે અને મુરારિને જોઈને વ્રજનારીને મૂર્છા આવી.


## ભાષાજ્ઞાન

**૧. સમાનાર્થી શબ્દો**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ભગવાન | = | ઈશ્વર, પ્રભુ | શ્રીકૃષ્ણ | = | હરિ, મુરારિ |
| બ્રહ્માંડ | = | વિશ્વ, જગત | સ્વામી | = | નાથ, માલિક |

**૨. વિરોધી શબ્દો**

| | | | | | |
|---|---|---|---|---|---|
| અનાથ | × | નાથ | વેચવા | × | ખરીદવા |
| સ્વામી | × | ચાકર | | | |



# 8 સફળતાની ઉડાન

# અભ્યાસ

## સ્વાધ્યાય

**મૌખિક**

**૧. કોઈપણ બે પેરાલ્મિપિક ખેલ તેમજ ખેલાડી વિશે જણાવો.**

દોડની સ્પર્ધામાં જોગીન્દર સિંગ  બેદી અને ૫૦ મીટરની સ્વિમિંગમાં સુવર્ણપદક મેળવનાર મુરલીકાંત પેટકર પેરાલિમ્પિક ખેલાડીઓ છે.

**૨. પેરાલ્મિપિક ખેલાડીઓના જીવનમાં આવતા પડકારો વિશે વર્ગમાં ચર્ચા કરો.**

પેરાલ્મિપિકમાં પહેલા જ ખેલાડીઓ દિવ્યાંગ હોય છે છતાં પણ તે પોતાના ક્ષેત્રમાં આગળ વધે છે. તેમને અનેક મુશ્કેલીઓ અને પડકારોનો સામનો કરવો પડે છે. જેમકે દોડની સ્પર્ધા હોય અને ખેલાડીના પગ ન હોય તો તેને દોડમાં કૃત્રિમ પગ લગાવીને દોડવામાં ઘણી વાર ઈજા પણ થાય

છે. તેમજ સ્વિમિંગના ખેલમાં જો હાથ ન હોય તો પણ તરવામાં મુશ્કેલીઓ ઉભી થાય છે. છતાં પણ તે આ બધા પડકારોને જીતીને આગળ વધે છે.

**૩. દિવ્યાંગ ખેલાડીઓ માટે આપણી સરકારે ઉઠાવેલા યોગ્ય પગલા વિશે માહિતી મેળવો.**

સરકારે ઉઠાવેલ યોગ્ય પગલાં વિશે માહિતી આ પ્રમાણે છે.

સરકારે તેમના માટે તાલીમ સાધનો અને સ્પર્ધના ખર્ચ માટે નાણાંકીય સહાય પૂરી પાડવી. અસાધારણ અને આધાર ફળ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવી. તેના વિશે શિક્ષામાં જાગૃતતા લાવી. તાલીમ માટેની તમામ સુવિધાઓ પૂરી પાડી તેમજ અહી સમાવિષ્ટ નીતિઓ, હેલ્થકેર સપોર્ટ, પુરસ્કારો, સિદ્ધિઓ, રાષ્ટ્રીય ઓલ્મિપિક સમિતિ સહયોગ, સંશોધન અને વિકાસ માટેના સંસાધન વગેરેનો પણ અહીં સમાવેશ કરવામાં આવે છે.

## લિખિત

**૧. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

**૧. ભાવિના પટેલ એક વર્ષની હતી ત્યારે શું જાણવા મળ્યું ?**

ભાવિના પટેલ એક વર્ષની હતી ત્યારે ખબર પડી કે તેને પોલિયો છે.

**૨. સિંગલ્સ મહિલા અભિયાન કોણે મેળવ્યું ?**

સિંગલ મહિલા અભિયાન ભાવિના પટેલે મેળવ્યું.

**૩. પ્રથમ ભારતીય ટેબલ ટેનિસ ખેલાડી કોણ બન્યું ?**

પેરાલ્મિપિકમાં ભારત માટે ટેબલ ટેનિસમાં પ્રથમ ભારતીય મહિલા ખેલાડી ભાવિના પટેલ છે.

**૪. ૧૧ વર્ષની ઉંમરે કોણે પોતા પગ કેવી રીતે ગુમાવ્યા ?**

૨૦૦૧માં જયપુરમાં જન્મેલી અવની લેખરા કાર અકસ્માતમાં ૧૧ વર્ષની વયે પોતાના પગ ગુમાવીને બેસી હતી.

**૫. અવની લેખરા કયા ખેલમાં આગળ વધી ?**

અવની લેખરા પેરાલ્મિપિક રાઈફલ શૂટર બનીને આગળ વધી.

**૬. અવની લેખરા કઈ શાળામાં ભણતી હતી ?**

અવની લેખરા જયપુરની શાળામાં ભણતી હતી.

**૭. ડાબો હાથ કોનો કાપવો પડ્યો ? શા માટે ?**

દેવેન્દ્ર ઝાઝરિયાનો ૮ વર્ષની ઉંમરે ઈલેક્ટ્રીક થાંભલાને ઝાડ પર ચડતા અડી ગયો અને કરંટ લાગવાથી  તેને ડાબો હાથ કાપવો પડ્યો.

**૮. દેવેન્દ્ર ઝાઝરિયા કઈ રમતમાં આગળ આવ્યા ?**

દેવેન્દ્ર ઝાઝરિયા પેરાલ્મિપિક ભાલા ફેંક રમતમાં આગળ આવ્યા.

**૨. નીચે આપેલા પ્રશ્નોના વિસ્તૃત જવાબ લખા**

**૧. ભાવિના પટેલ જીવનમાં કઈ અડચણ આવી ? પોતાના જીવનમાં અડચણને બાજુ પર રાખીને આગળ કેવી રીતે વધી ?**

ભાવિના જ્યારે એક વર્ષની હતી ત્યારે જ ખબર પડી કે તેને પોલિયો છે છતાં જીવનની અગ્નિ પરીક્ષાઓ પાર કરીને સિંગલ મહિલા વર્ગ ૪ની સેમિફાઈનલમાં ટોકિયો પેરાલ્મિપિકમાં ભારત તરફથી ટેબલ ટેનિસમાં મેડલ મેળવનારી મહિલા તરીકે ઈતિહાસ રચ્યો. અને ભાર બાદ એક પછી એક પદકો મેળવી ૩૪ વર્ષની વયે પેરાલ્મિપિક ગેમમાં વિશ્વસ્તરે ભારતીય મહિલા ટેબલ ટેનિસ ખેલાડી તરીકે વિજયી બની. આમ ઘણી બધી અડચણો ફગાવી પોતાના લક્ષ્યની પ્રાપ્તિ કરી.

**૨. અવની લેખરા શાના માટે પ્રસિદ્ધ થઈ ?**

અવની લેખરાએ ૧૧ વર્ષની ઉંમરે કાર અકસ્માતમાં પોતાના પગ ગુમાવીને બેસી હતી. છતાં જીવનની આવતી પ્રત્યેક કસોટીને પાર કરીને પોતાની જાત પર અખૂટ વિશ્વાસ રાખી શૂટિંગમાં આગળ વધી અને પ્રાદેશિક શૂટિંગમાં મેચમાં પ્રથમ સુવર્ણપદક મેળવી આગળ જતાં પેરાલ્મિપિક રાઈફલ શૂટર કાર્યક્રમમાં ઘણા બધા પદકો મેળવી ગઈ અને જાન્યુઆરી ૨૦૨૩ માં વિશ્વસ્તરે અવનીએ ૫૦ મીટર સ્તરે રાઈફલ સ્નેડિંગ એશિયન પેરા ગેમ્સમાં ભાગ લીધો.

**૩. સુવર્ણ ચંદ્રક જીતનાર પ્રથમ ભારતીય પેરાલ્મિપિક ખેલાડી કોણ છે ? તેના વિશે વિસ્તૃત માહિતી જણાવો.**

રાઈફલ શૂટિંગમાં સુવર્ણ ચંદ્રક જીતનાર પ્રથમ ભારતીય પેરાલ્મિપિક ખેલાડી અવની લેખરા છે. જયપુરમાં જન્મેલી અવની લેખરા કાર અકસ્માતમાં ૧૧ વર્ષની વયે પોતાના પગ ગુમાવીને બેસી હતી છતાં જીવનની અનેક કસોટીને તેણે પાર કરી.

**૪. જો કોઈની સાથે કોઈ અકસ્માત થાય અને ખોડખાંપણ આવે તો તે જીવનમાં કઈ રીતે આગળ વધશે ? હકારાત્મક પ્રતિભાવ આપો.**

વિદ્યાર્થી પોતાના સંશોધન દ્વારા માહિતી મેળવીને સ્વલિખિત લખશે.

**૫. આપણે જીવનમાં કોનાથી પ્રેરિત થઈને જીવવું જોઈએ ?**

વિદ્યાર્થી પોતાના સંશોધન દ્વારા માહિતી મેળવીને સ્વલિખિત લખશે.

**૬. કોઈપણ ત્રણ અન્ય પેરાલ્મિપિક ખેલાડી વિશે ૫-૫ વાક્યોમાં ચિત્ર સાથે માહિતી લખો.**

વિદ્યાર્થી પોતાના સંશોધન દ્વારા માહિતી મેળવીને સ્વલિખિત લખશે.

## ભાષાજ્ઞાન

૧. સમાનાર્થી શબ્દો

| | | | | | |
|---|---|---|---|---|---|
| સુવર્ણ | = | સોનું, હેમ, કંચન | ખેલકૂદ | = | રમત, ક્રીડા |
| રજત | = | ચાંદી | ઉચ્ચ | = | ઊંચુ, ઉપર |
| પદક | = | ચંદ્રક, મેડલ | શરીર | = | તન, કાયા |

૧. વિરોધી શબ્દો

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઊંચુ | × | નીચું | જીત | × | હાર |
| કીર્તિ | × | અપકીર્તિ | રાષ્ટ્રીય | × | આંતરરાષ્ટ્રીય |
| જીવન | × | મૃત્યુ | પ્રગતિ | × | અધોગતિ |

# 8 વિરામચિહ્નો

તમે પાઠ વાંચતા હો ત્યારે તમે વાક્યોની વચ્ચે અને વાક્યોના છેડે કેટલાંક ચિહ્નો જોતાં હશો. આ ચિહ્નોને 'વિરામચિહ્નો' કહે છે.

**વિરામચિહ્નોની જરૂર :**

* **વિરામચિહ્નોથી વાક્ય વાંચતાં ફાવે છે. જેમ કે,**
  "ભાનુ, મનુ, કનુ, રાજુ અને જીતુ મેળામાં ગયા."
* **વિરામચિહ્નોથી વાક્યનો અર્થ સ્પષ્ટ થાય છે. જેમ કે,**
  "અમને ઓછી શિષ્યવૃત્તિ મળવાની છે."

વાક્યના અંતે પૂર્ણવિરામ ( . ) છે. તેથી અર્થ સ્પષ્ટ થાય છે કે "અમને જે શિષ્યવૃત્તિ મળવાની છે તે ઓછી મળવાની છે."

પરંતુ જો પૂર્ણવિરામને બદલે બીજું વિરામચિહ્ન મૂક્યું હોય તો? જેમ કે,

"અમને ઓછી શિષ્યવૃતિ મળવાની છે?"

અહીં વાક્યને અંતે પ્રશ્નચિહ્ન ( ? ) છે. ચિહ્ન બદલવાથી અર્થ બદલાઈ ગયો. હવે અર્થ થશે : "શિષ્યવૃત્તિ અમને નથી મળવાની, બીજા કોઈને મળવાની છે."

* **ઉદ્ગારચિહ્નથી આપણા મનના ભાવો – આશ્ચર્ય, ગુસ્સો, તિરસ્કાર વગેરે –દર્શાવાય છે. જેમ કે,**

"કેવું સુંદર દશ્ય !" *(આશ્ચર્ય)*

"જા જા, તને શાનું ઈનામ મળે ! લુચ્ચા, ઠગારા !" *(તિરસ્કાર)*

"રાજન ! ધિક્કાર છે તને !" *(ગુસ્સો)*

પાંચમા ધોરણમાં તમે નીચેનાં વિરામચિહ્નો વિશે જાણકારી મેળવી છે, તેનું પુનરાવર્તન કરી લઈએ :

**1. પૂર્ણવિરામ** [ . ]  **2. અલ્પવિરામ** [ , ]

**3. ઉદ્ગારચિહ્ન** [ ! ]  **4. પ્રશ્નચિહ્ન** [ ? ]

**1. પૂર્ણવિરામ** [ . ]

(1) એની આંખમાં ઝળઝળિયાં આવ્યાં.

(2) સૌને ગળે ડૂમો ભરાયો.

(3) નાનો છોકરો ઊભો થયો.

કોઈ હકીકત કહેવી હોય કે માહિતી આપવી હોય ત્યારે વાક્યના અંતે પૂર્ણવિરામ મુકાય છે.

**2. અલ્પવિરામ** ,

(1) અમે બજારમાંથી ચા, ખાંડ, ગોળ અને મસાલા ખરીદ્યા.

(2) પરીક્ષા વખતે પેન, પેન્સિલ અને રબર લઈને જ આવવું.
(છેલ્લું નામ 'અને'થી જોડાયેલું હોવાથી ત્યાં અલ્પવિરામ મુકાય નહિ.)

(3) ઈલા, ઊભી થા.

(4) ગુરુજી, પ્રણામ!

**બે કે તેથી વધુ નામને જ્યારે જુદાં પાડવાં હોય ત્યારે અલ્પવિરામ મુકાય છે. વળી સંબોધન કરતી વખતે પણ અલ્પવિરામ મુકાય છે.**

**3. ઉદ્‌ગારચિહ્‌ન** !

(1) બધા ઘડીભર અવાક થઈ રહ્યા! *(આશ્ચર્ય)*

(2) તમે તો મને આજે ઘણું શીખવી દીધું! *(પ્રશંસા)*

(3) ના, મહારાજ! હું છુટ્ટો છું! *(આશ્ચર્ય)*

**વાક્યમાં આશ્ચર્ય, ક્રોધ, ધિક્કાર, પ્રશંસા, દુઃખ જેવા ભાવ દર્શાવવાના હોય ત્યારે ઉદ્‌ગારચિહ્‌ન (આશ્ચર્યચિહ્‌ન) મુકાય છે. આમ, ઉદ્‌ગાર વાક્યના અંતે ઉદ્‌ગારચિહ્‌ન આવે છે.**

**4. પ્રશ્નચિહ્‌ન** ?

(1) તારા જેવો બીજો મૂર્ખ કોણ હોય?

(2) તમે જમી લીધું?

(3) તારે શું શીખવું છે?

**કંઈક જાણવા માટે, માહિતી મેળવવા માટે બીજાને પૂછવામાં આવે ત્યારે વાક્યને અંતે પ્રશ્નચિહ્‌ન મૂકવામાં આવે છે.**

ધોરણ છમાં આપણે અર્ધવિરામ ( ; ), ગુરુવિરામ ( : ) અને અવતરણ-ચિહ્‌ન (" ") વિશે જાણકારી મેળવીશું.

**5. અર્ધવિરામ** ;

(1) ચિત્રો તો ઘણાં છે; તમને જોઈએ તે લઈ જાઓ.

(2) શું હરખચંદ શેઠ; તમેય ભૂંડ્યો!

(3) વાઢ્યા કાન; ને આય સાન!

જે વાક્ય ખંડોમાં અલ્પવિરામનો ઉપયોગ થઈ ચૂક્યો હોય તેવા વાક્ય ખંડોને જોડવા માટે અર્ધવિરામનો ઉપયોગ થાય છે. અલ્પવિરામ પાસે અટકો તેના પ્રમાણમાં અર્ધવિરામના ચિહ્ન પાસે વધારે અટકવું પડે છે.

6. ગુરુવિરામ [ : ]

(1) કુટુંબવાળા સંધાય વિચારમાં પડી ગયા કે : 'માળું; આ ચમનું વેતરાણું સે?'

(2) બીજો કહે : 'તન તારી મા આં નથ મારતી?'

(3) તેણે શિલ્પીને પૂછ્યું : 'તમે આ મૂર્તિની સ્થાપના કઈ જગ્યાએ કરવાના છો?'

વાક્યની સાથે જોડાયેલ એક બીજું વાક્ય હવે આવે છે તેનું સૂચન ગુરુવિરામ કરે છે. ગુરુવિરામ ચિહ્ન એમ સૂચવે છે કે વાક્ય પૂરું થયું હોય એવા પ્રકારનું છે ખરું, પરંતુ હવે પછી પણ કશુંક આવે છે.

7. અવતરણચિહ્ન [ " " ]

(1) યુવકે કહ્યું : 'મૅડમ; તમે મને તમારી લૉન કાપવાનું કામ આપી શકો ખરાં?'

(2) એ બોલ્યો; 'કાગળ તો હરખચંદે લખી દીધા સે.'

(3) બાદશાહે હુકમ કર્યો, "જાઓ, પકડી લાવો પેલા અપશુકનિયાળને."

જ્યારે કોઈ વ્યક્તિએ કહેલી વાત બરાબર એના જ શબ્દોમાં કહેવાતી હોય ત્યારે અવતરણચિહ્ન વપરાય છે. વળી, વાક્યમાંથી વપરાયેલાં પદોમાંથી જે પદ કે પદોને જુદાં રાખવા માંગતા હોઈએ તે પદ કે પદોની આજુબાજુ આ ચિહ્ન મુકાય છે. તેની નિશાની (' ') કે (" ") હોય છે.

## સ્વાધ્યાય

1. તમારા પાઠ્યપુસ્તકમાંથી અર્ધવિરામ, ગુરુવિરામ અને અવતરણચિહ્નનો ઉપયોગ થયો હોય તેવાં પાંચ-પાંચ વાક્યો શોધીને લખો.

2. નીચેનાં વાક્યોમાં જરૂરી વિરામચિહ્નો મૂકો અને વાક્યો ફરી લખો :

(1) મેં પૂછ્યું ટિકિટ લાવ્યા છો

(2) ચા પીવાઈ રહી

(3) તમે તેમને કેવી રીતે ઓળખો

(4) અરે વાહ છે સુખડી પણ મોહનથાળ જેવી પોચી

(5) મારા અક્ષર સારા નથી આવતા